# ચૈતન્યશિલ્પીની ગરિમા

## ૨

ગુણાતીત જ્યોત
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦





## ૫૩. પૂ. હેમીબેન ખાનપરા

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. ઓતમબેન |
| પિતાનું નામ | : | પૂ. માવજીભાઇ |
| ભાઇ | : | પૂ. રતિભાઇ, પૂ. જયંતિભાઇ, પૂ. ઘનશ્યામભાઇ |
| બહેન | : | - |
| મૂળધર્મ | : | સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : | હિન્દુ કડવા પટેલ |
| અભ્યાસ | : | ધોરણ – ૩ |
| ભગવાનની અનુભૂતિ | : | ૦૪-૧૨-૧૯૭૬ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૬૬ |
| કેન્દ્ર નંબર | : | ૪૨ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : કદી કદી કોઇની સાથે સરખામણી કરવી નહીં.**

પૂ. હેમીબેનના મોસાળમાં સ્વામિનારાયણ ધર્મ હતો. તેથી તેમના માતુશ્રી સ્વામિનારાયણ ધર્મ લઇને સાસરે આવ્યા હતા. હેમીબેન નાનપણથી મોસાળમાં – અજાબમાં જ રહ્યા તેથી તે જ સંસ્કાર મળ્યા. તેમના માતા – પિતા વંથલી રહેતા

હતા. એક વખત તેમના પિતા અજાબ આવ્યા ત્યારે પીપલાણાવાળા જોગીમહારાજ પણ ત્યાં પધાર્યા. તેમણે કંઠી બાંધી ને આખું જીવન પરિવર્તન થઈ ગયું. (તે પહેલાં તેમના પિતા ખૂબ જ જુગારી ને ઝનૂની પ્રકૃતિના હતા.) પછી ગોંડલ યોગીજીમહારાજ મળ્યા ને જીવન સમર્પિત થઈ ગયું. બાપાના સાચા ભક્ત બની ગયા ને બાપાની ખૂબ સેવા કરી. અજાબની જમીન વેચીને સાંકરદા પ.પૂ. અક્ષરવિહારીસ્વામીને સર્વસ્વનું સમર્પણ કર્યું. રતિભાઈને યોગીજીમહારાજે પાર્ષદી દીક્ષા આપી ને શંકર ભક્ત નામ આપ્યું. ૧૯૬૬માં વિમુખ થયા ત્યારે શંકર ભક્ત પણ તેમાં હતા. તેમને અક્ષરવિહારીસ્વામીએ કાષાંબરી દીક્ષા આપીને આનંદસ્વરૂપ નામ આપ્યું ને પપ્પાજીએ તેમનું નામ બ્રહ્માનંદસ્વામી પાડ્યું

એક વખત જૂનાગઢ મંદિરના પૂરીબા જે ત્યાગી ડોશી હતા તેમણે હેમીબેનને વર્તમાન ધરાવી આશીર્વાદ આપ્યા કે, 'દીકરી તું મોટી થઈશ ને ત્યારે તને સાક્ષાત્ શ્રીજી મહારાજનું જ સ્વરૂપ મળશે ને તું પણ ભગવાન ભજીશ. તારા માટે દુનિયામાં કોઈ છોકરો જન્મ્યો જ નથી.' આવા પ્રતાપી પૂરીબાના આશીર્વાદથી હેમીબેનને શ્રીજી મહારાજનું સાક્ષાત્ સ્વરૂપ પપ્પાજી મળી ગયા.

૧૯૬૫માં હેમીબેન ગોંડલ ગયા ત્યાં પપ્પાજીના દર્શન કર્યા ને પૂર્વનો સંબંધ તાજો થયો. ચૈતન્ય જાગ્રત થઈ ગયું. પૂ. દીદી પણ ગોંડલ પધાર્યા હતા. પપ્પાજી કહે, 'હંસા આ આપણી અજાબની હેમી એને ભગવાન ભજવા છે.' પપ્પાજીના ઉતારાની સેવા પૂ. હરિભાઈની આજ્ઞાથી હેમીબેને કરી ને દર્શનનો લાભ પણ મળ્યો. પપ્પાજી નાસ્તો કરતા હતા ને હેમીબેન પર મઠિયું ફેંકી ને મઠ્ઠી એમ નામ પાડી સ્મૃતિ આપી. સમૈયો પૂરો થતાં હેમીબેનને ઘરે જવાનું થયું. હેમીબેનને ખૂબ રડવું આવે. પપ્પાજી કહે, 'તું શું કામ રડે છે ? હવે તો આપણે થોડા જ વખતમાં વિદ્યાનગર મળીશું.'

હેમીબેન અજાબથી વિદ્યાનગર આવ્યા ત્યારે જ્યોતનું બાંધકામ ચાલુ હતું. બધા જ બહેનો રાણક હોસ્ટેલમાં રહેતા હતા. રાણકના દરવાજે પપ્પાજી બેઠા હતા. હેમીબેનને જોઈને કહે, 'હેમી તું આવી ગઈ !' આમ દર્શન દીધા ને અંદર બહેનો સાથે જ રહેવાનું કહ્યું. જ્યોતમાં આવ્યા પછી હેમીબેન સવિબેન જી. પટેલ અને મધુબેન સી. પટેલ સાથે રહેતા હતા. હેમીબેનને કાંઈ આવડે નહીં.

અહીંની ભાષા સમજ પડે નહીં પણ સેવા કરતાં આવડે. પપ્પાજીએ ૫૧ બહેનોને કાષાંબરી દીક્ષા આપી તેમાં હેમીબેનને પણ દીક્ષા મળી. ૧૯૭૬માં ગુરૂહરિ પપ્પાજીએ આતમમાં સ્થાન લીધું.

હેમીબેને જ્યોતમાં અશક્ય સેવાઓ પણ કરી છે. ચોકમાં કૂબા કરવાના, મંડપ બાંધવાના, કલઇ કરવાની, કંતાન સાંધવાના, ઓરડી ચણવાની, અનાજ સાફ કરવાનું, સફાઇ, ખેતરમાં સેવા કરવાની, ચંપલ સાંધવાના આમ સાધનાની શરૂઆત સેવા ને જપયજ્ઞથી થઇ. હેમીબેને કદી કોઇની સાથે સરખામણી નથી કરી. હેમીબેનને શરૂઆતમાં દીદીનો જોગ મળ્યો. ત્યાર પછી પૂ. જસુબેન, તરૂબેન પટેલનો સમાગમ મળ્યો. પછી જસુબેનના વચને ૧૯૭૩માં પૂ. લીલાબેનનો સમાગમ કરવાનું કહ્યું. એક દિવસ હેમીબેન સવારના રસોડામાં હતા. સાંજે બહેનો લીસા ચોકમાં બેડમીંગ્ટન રમતા હતા. ત્યાં પપ્પાજી, દીદી, જ્યોતિબેન આવ્યા. હેમીબેનને જોઇને પપ્પાજી દીદીને કહે કે, 'આ હેમી જશે.' ને એમને બોલાવી પપ્પાજીએ કહ્યું, 'હેમી કાલે અમદાવાદ જવાનું છે.' ૧૯૭૬ થી ૧૯૭૮ એમ બે વર્ષ અમદાવાદ જ્યોત શાખામાં રહ્યા ને સ્વરૂપો અને પપ્પાજીનો રાજીપો લીધો. ઉભરાટની શિબિરમાં, પપ્પાજીના અમૃતપર્વે, પપ્પાજીના ભક્તિ ઉત્સવે સફાઇની જવાબદારીપૂર્વક સેવા કરીને સૌ સ્વરૂપોના અંતરે હાશ કરી.

અત્યારે લીલાબેનના સેવક તરીકે સેવા બજાવી રહ્યાં છે. દીદી હેમીબેનને ગુણાતીત જ્યોતના ઈંદિરા ગાંધી તરીકે બિરદાવે છે. તો મુક્તો તેમને 'સંકટ સમયની સાંકળ' પણ કહે છે. હેમીબેનને બધી જ સેવાની ખૂબ સૂઝ છે ને અંતરનો રાંકભાવ છે. નાના મુક્તને પણ મોટા માની શકે. સદાય જીવનમાં હું કાંઇ નથી. હંમેશા નજર સમક્ષ પોતાનું પ્રારબ્ધ રાખે ને સૌને અંતરથી મોટા માને છે.

એવા હેમીબેનને સહુ સાધકોના લાખ લાખ વંદન !!!



## ૫૪. પૂ. વજીબેન ઝાલાવાડિયા

| | |
|---|---|
| માતાનું નામ | : પૂ. કેસબેન |
| પિતાનું નામ | : પૂ. ગંગદાસભાઇ |
| ભાઇ | : પૂ. અરજણભાઇ, પૂ. રાઘવજીભાઇ, પૂ. ભગવાનજીભાઇ |
| બહેન | : - |
| મૂળધર્મ | : સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : હિન્દુ કડવા પટેલ |
| અભ્યાસ | : ધોરણ – ૩ |
| ભગવાનની અનુભૂતિ | : ૨૪-૦૧-૧૯૬૭ |
| વ્રતધારણ દિન | : 0૧-0૬-૧૯૬૬ |
| કેન્દ્ર નંબર | : ૪૩ |

## સાધનાનું બ્રહ્મસૂત્ર : ધણી થઈને સેવા કરવી એમાં જે કાંઈ પ્રસંગ આવે તે ભજનથી જ ઉકેલવા.

પૂ. વજીબેનના ઘરમાં પ્રથમથી જ વડતાલનો સ્વામિનારાયણ ધર્મ હતો જ. બાપુજી ભક્તિભાવવાળા એટલે સેવા કરાવે. આવા સેવા – ભક્તિભાવવાળા કુટુંબમાં વજીબેનનો જન્મ થયો. એક વખત યોગીજી મહારાજ માણાવદરમાં પધાર્યા ને પધરામણીએ જતા હતા. વજીબેન ખૂબ નાના એટલે શેરીમાં રમતાં હતાં. રમતાં – રમતાં જોગીબાપાને જોયા ને બૂમ પાડી 'બાપા.' બાપાએ પાછળ ફરીને જોયું ને બોલ્યા, 'આ તો ડોશી છે.' પણ એ દ્રષ્ટિ અંતરમાં ઘૂસી ગઈ. એમ કરતાં કરતાં ગોંડલ સેવા કરવા જવા લાગ્યા. પ.પૂ. સોનાબા, પ.પૂ. કાકાશ્રી ને પૂ. જ્યોતિબેન માણાવદર આવે ને ત્યારે સેવા કરવા જાય. સોનાબા ખૂબ જ ગમે. ૧૯૬૫માં અટલાદરા સમૈયો કરવા ગયા ત્યાં બા ને જ્યોતિબેન મળ્યા. સમૈયા પછી બા મુંબઈ જવા નીકળતા હતા ત્યારે એમનું અંતર ખૂબ જ રડતું હતું. બાએ પાણી માંગ્યું ને એમણે આપ્યું ને બસનો હોર્ન વાગ્યો એટલે એમની આંખમાંથી પાણી નીકળવા લાગ્યા. પપ્પાજી બસમાં બેઠા બેઠા જોતા'તા ને ત્યારે જ પપ્પાજીની દ્રષ્ટિ પડી ગઈ.

૧૯૬૫માં વરસોવાની શિબિરમાં વજીબેનને બોલાવ્યા. ઘરમાંથી અઠવાડિયાની રજા લઈને આવ્યા હતા પણ પપ્પાજીએ જ્યોતિબેનને કહ્યું, 'આને જવા દેવાની નથી. તારી સાથે જ રાખજે.' જ્યોતિબેન વજીબેનને પપ્પાજી પાસે લઈ ગયા ને કહે, 'એના પપ્પાએ અઠવાડિયાની જ રજા આપી છે.' પપ્પાજી કહે, 'એ ભક્ત છે એટલે કાંઈ નહીં થાય.' અને બે મહિના તારદેવ રાખીને જગતથી રક્ષા કરી નહીં તો તેમના ને તેમની કાકાની દીકરીના લગ્ન સાથે જ કરવાના હતા. ખરેખર તો વજીબેનનું મન પણ જગતમાં જવા દોડતું જ હતું પણ એવું પણ હતું કે, મારે બા અને જ્યોતિબેનને છોડવા નથી. તેથી પપ્પાજીની કૃપાથી આજે એમના સ્થાનમાં સંતોના જોગમાં લાવીને મૂકી દીધા ને ૧૯૬૬માં ૫૧ બહેનો સાથે કાષાંબરી દીક્ષા પણ આપી. ૧૯૬૭માં ગુરૂહરિ પપ્પાજીએ જીવમાં દ્રષ્ટારૂપે સ્થાન લીધું.

જ્યોતમાં આવ્યા પછી પૂ. હંસાબેન ગુણાતીતનો સમાગમ આપ્યો. રસોડું, મંદિર, સફાઈની સેવા કરી. નવી જ્યોતમાં શાક વાવતાં તે તોડવા જવાનું, બ્રહ્મજ્યોતિ પણ શાક વાવતાં તે પણ તોડવા જવાની સેવા કરતાં. સેવા કરતાં કરતાં મધુર કંઠે ભજનો ગાય ને આખું વાતાવરણ દિવ્ય બની જાય. આજુબાજુના સૌ મુક્તોને પણ ભગવાનમાં રાખવાની તેમની આવડત છે. કેટલાંય વર્ષો સુધી મંદિરમાં ઠાકોરજીની સેવા કરી પ્રત્યક્ષ સ્વરૂપોની હાશ મેળવી લીધી. મહિમા ને નિર્દોષબુધ્ધિ રાખી પ્રસંગોમાં ભજનનો ઉપાય લીધો તો આખું તંત્ર દિવ્ય બની ગયું.

દેહમાં તો ઘણી બિમારી છે છતાં સેવાની ગરજ આજેય એટલી જ છે. ઘણાં વર્ષોથી ખૂબ ખંત અને હોંશથી શાકની સેવા કરે છે ને કેટલાય સાધકોને તેમના આ વર્તનથી, જીવનથી પ્રેરણા મળે છે. વિચરણની સેવા પણ આ ઉંમરે કરે છે. પોતે તો સાધુતાની મૂર્તિ છે. કંઈ જ ન જોઈએ પણ બીજાને આપી રાજી થાય છે. નાના નાના સાધકોને, ગૃહસ્થ ભાભીઓને ગુરૂ અને ગુરૂહરિનો મહિમા ગાઈ ને આનંદમાં રાખે છે.

આવા આદર્શ જીવન જીવનારા વજીબેનને અમ સહુ સાધકોના શત્ શત્ પ્રણામ !!!